પ્રથમાનુયોગશાસ્ત્ર અને તેના પ્રણેતા સ્થવિર આર્ય કાલક

૧

परिआओ पव्वज्जाभावाओ नत्थि वासुदेवाणं ।
होइ बलाण सो पुण **पढमणुओगाओ** णायव्वो ॥

आवश्यकनिर्युक्ति, गाथा ४१२.

દીક્ષા લઈ ન શકવાને કારણે વાસુદેવોનો દીક્ષાપર્યાય નથી પણ બલદેવો દીક્ષા સ્વીકાર કરે છે માટે તેમનો દીક્ષાપર્યાય છે. તે અમે અહીં જણાવતા નથી એટલે જેઓ જાણવા ઇચ્છે તેમણે **પ્રથમાનુયોગ**થી તે જાણી લેવો.

૨

तत्थ ताव **सुहम्मसामिणा** जंबूनामस्स **पढमाणुओगे** तित्थयर–चक्कवट्टि–दसारवंसपरूवणागयं **वसुदेवचरियं** कहियं ति ।

वसुदेवहिंडी, प्रथम खंड, पत्र २.

સુધર્માસ્વામીએ **જંબૂ** નામના પોતાના શિષ્ય સમક્ષ **પ્રથમાનુયોગ**ના વ્યાખ્યાન પ્રસંગે તીર્થંકર, ચક્રવર્તી અને દશારોનું ચરિત્ર વર્ણવતાં **વસુદેવ**નું ચરિત્ર કહ્યું હતું.

૩

मेहावीसीसम्मि ओहामिए **कालगज्जथेराणं** ।
सज्झंतिएण अह सो खिसंतेणं इमं भणिओ ॥ १५३८ ॥

સ્થવિર આર્ય કાલકનો બુદ્ધિમાન શિષ્ય દીક્ષા મૂકીને ઘરવાસમાં ચાલ્યો ગયો ત્યારે તેમના સહાધ્યાયીએ તેમને (કાલકાર્યને) ઉપહાસ કરતાં આ પ્રમાણે કહ્યું :

अतिबहुतं मेऽधीतं ण य णातो तारिसो **मुहुत्तो** उ ।
जत्थ थिरो होइ सेहो निक्खंतो अहो ! हु बोद्धव्वं ॥ १५३९ ॥

આપ ઘણું ભણ્યા, પણ તેવું મુહૂર્ત નથી જાણી શક્યા કે જે મુહૂર્તમાં નિષ્ક્રાંત એટલે દીક્ષા લીધેલો શિષ્ય સ્થિર રહે. અહો ! હજુ આપને પણ કેટલું જાણવાનું છે ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तो एव स ओमत्थं भणिओ अह गंतु सो **पतिट्ठाणं**
आजीवीसगासम्मी सिक्खति ताहे **निमित्तं** तु ॥ १५४० ॥

આ પ્રમાણે જ્યારે સહાધ્યાયીએ **કાલકાર્ય**ને તેમની ઊણપ જણાવી ત્યારે તેમણે **પ્રતિષ્ઠાનપુર**માં જઈને **આજીવકો**ની પાસે **નિમિત્તવિદ્યા**નો અભ્યાસ કર્યો.

अह तम्मि अहीयम्मी वडहेठ निविट्ठ अन्नयकयाति ।
सालाहणो णरिंदो पुच्छतिमा तिण्णि पुच्छाओ ॥ १५४१ ॥

અષ્ટાંગનિમિત્તવિદ્યા ભણી ગયા બાદ કોઈક પ્રસંગે **સ્થવિર આર્યકાલક** વડના ઝાડ નીચે બેઠા છે, ત્યાં **શાલિવાહન** રાજા આવી ચઢે છે અને આચાર્યને આ પ્રમાણે ત્રણ પ્રશ્નો પૂછે છે :

पसुलिंडि पढमयाए बितिय समुद्दे व केत्तियं उदयं ।
ततियाए पुच्छाए **महुरा** य पडेज्ज व ण व ? त्ति ॥ १५४२ ॥

પહેલો પ્રશ્ન : બકરી વગેરે પશુઓની લીંડીઓ કેમ થાય છે ? બીજો પ્રશ્ન : સમુદ્રમાં પાણી કેટલું ? ત્રીજો પ્રશ્ન : **મથુરા**નું પતન થશે કે નહિ ?

पढमाए वामकडगं देइ तहिं सयसहस्समुल्लं तु ।
बितियाए कुंडलं तू ततियाए वि कुंडल बितियं ॥ १५४३ ॥

પહેલા પ્રશ્નના ઉત્તરથી પ્રસન્ન થઈ રાજા શાલિવાહને આચાર્યને લાખમૂલ્યનું ડાબું કડું ભેટ કર્યું. બીજા અને ત્રીજા પ્રશ્નના ઉત્તરથી રાજી થઈ રાજાએ બે કુંડલો ભેટ કર્યાં.

आजीविता उवट्ठित गुरुदक्खिणग्गं तु एत अम्हं ति ।
तेहि तयं तू गहितं इयरोचितकालकज्जं तु ॥ १५४४ ॥

આ પ્રસંગે, આર્ય કાલકને નિમિત્તવિદ્યા ભણાવનાર **આજીવક** સાધુઓ ત્યાં હાજર હતા, તેમણે 'આ અમારી ગુરુદક્ષિણા છે' એમ કહી તે ત્રણેય ઘરેણાં લઈ લીધાં. અને આર્ય કાલક પોતાના સમયોચિત કાર્યમાં લાગી ગયા.

णट्ठम्मि उ सुतम्मी अट्ठम्मि अणट्ठे ताहे सो कुणइ ।
लोगणुजोगं च तहा **पढमणुजोगं** च दोऽवेए ॥ १५४५ ॥

જેનો સૂત્રપાઠ ભુલાઈ ગયો છે, છતાં જેનો અર્થ એટલે કે ભાવ ભુલાયો નથી, એવા **લોકાનુયોગ** અને **પ્રથમાનુયોગ** નામના બે ગ્રંથોની તેમણે પુનઃ રચના કરી.

बहुहा **निमित्त** तहियं **पढमणुजोगे** य होंति चरियाइं ।
जिण-चक्कि-दसाराणं पुव्वभवाइं निबद्धाइं ॥ १५४६ ॥

ઉપરોક્ત બે ગ્રંથો પૈકી પહેલામાં ઘણા પ્રકારની નિમિત્તવિદ્યા અને **પ્રથમાનુયોગ**માં જિનેશ્વર, ચક્રવર્તી અને દશારોના પૂર્વભવાદિને લગતું ચરિત્ર ગૂંથવામાં આવ્યાં છે.

ते काऊणं तो सो **पाडलीपुत्ते** उवट्ठितो संघं ।
बेइ कतं मे किंची अणुग्गहट्ठाय तं सुणह ॥ १५४७ ॥

આ બન્નેય ગ્રંથોની રચના કરીને તેઓ **પાટલીપુત્ર**માં પહોંચ્યા અને ત્યાંના શ્રીસંઘને કહ્યું કે : મેં કાંઈક કર્યું છે તેને અનુગ્રહ કરીને તમે સાંભળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तो संघेण निसंतं सोऊणय से पडिच्छितं तं तु ।
तो तं पतिट्ठितं तू णयरम्मी कुसुमणामम्मि ॥ १५४८ ॥

તે પછી **પાટલીપુત્ર**માં વસતા શ્રીસંઘે તે ધ્યાનમાં લીધું. અને ધ્યાનમાં લઈને તેમના ગ્રંથોને આદરપૂર્વક સ્વીકાર્યા. આ રીતે **કુસુમપુર**–પાટલીપુત્રમાં તે ગ્રંથો માન્ય થયા.

एमादीणं करणं गहणं णिज्जूहणा **पकप्पो** ऊ ।
संगहणीण य करणं अप्पाहाराण तु पकप्पो ॥ १५४९ ॥

पंचकल्प महाभाष्य

ઇત્યાદિ નષ્ટ-ભ્રષ્ટ, શીર્ણ-વિશીર્ણ અને વિસ્મૃત ગ્રંથોની નિર્યૂહણા—ઉદ્ધાર કરવો તેનું નામ **પ્રકલ્પકલ્પ** કહેવાય છે. તદુપરાંત અલ્પ યાદશક્તિ ધરાવનાર માટે **સંગ્રહણી ગ્રંથો**ની રચના કરવી તે પણ **પ્રકલ્પકલ્પ** નામથી જ ઓળખાય છે.

૪

पच्छा तेण सुत्ते णट्ठे **गंडियाणुयोगा** कया । **संगहणीओ** वि कप्पट्ठियाणं अप्पधारणाणं उवग्गहकराणि भवंति । **पढमाणुओगमाई** वि तेण कया । पंचकल्पभाष्य चूर्णी

પછી (અષ્ટાંગનિમિત્ત ભણી ગયા બાદ) તેમણે સૂત્ર નષ્ટ થઈ ગયેલ હોવાથી **ગંડિકાનુયોગ**ની પણ રચના કરી, **સંગ્રહણી**ઓની પણ રચના કરી. અલ્પસ્મરણશક્તિવાળા બાળજીવોને ઉપકાર થશે એમ માનીને **પ્રથમાનુયોગ** આદિની પણ રચના તેમણે કરી.

૫

एतं सव्वं **गाहाहिं जहा पढमाणुओगे** तहेव इहइं पि वन्निज्जति वित्थरतो ।

आवश्यकचूर्णी, भाग १, पत्र १६०.

આ બધું **ગાથાઓ** દ્વારા જેમ **પ્રથમાનુયોગ**માં વર્ણન છે, તે જ પ્રમાણે અહીં વિસ્તારથી–લંબાણથી વર્ણન કરવું.

૬

पूर्वभवाः खल्वमीषां **प्रथमानुयोगतो**ऽवसेयाः ।

आवश्यकहारिभद्री वृत्ति, पत्र १११–२

આમના (કુલકરોના) પૂર્વભવોનું ચરિત્ર **પ્રથમાનુયોગ**થી જાણી લેવું.

૭

तत्र **पुष्कलसंवर्त्तो**ऽस्य भरतक्षेत्रस्य अशुभभावं पुष्कलं संवर्त्तयति नाशयतीत्यर्थः । एवं शेषनियोगोऽपि **प्रथमानुयोगा**नुसारतो विज्ञेयः । अनुयोगद्वार हारिभद्री वृत्ति, पत्र ८०.

પુષ્કલસંવર્ત્ત નામનો મેઘ ભરતક્ષેત્રની અશુભ પરિસ્થિતિનો નાશ કરે છે. આ જ પ્રમાણે બાકીના મેઘોની હકીકત વગેરે **પ્રથમાનુયોગ**થી જાણી લેવું.

૮

से किं तं अणुओगे ? अणुओगे दुविहे पण्णत्ते, तं जहा—**मूलपढमाणुओगे** य **गंडियाणुओगे** य । से किं तं **मूलपढमाणुओगे ?** एत्थ णं अरहंताणं भगवंताणं पुव्वभवा देवलोगगमणाणि चवणाणि य जम्मणाणि य अभिसेया रायवरसिरीओ सीयाओ पव्वज्जाओ तवा य भत्ता केवल-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

णाणुप्पाया य तित्थप्पवत्तणाणि य संघयणं संठाणं उच्चत्तं आउं वन्नविभागो सीसा गणा गणहरा य अज्जा पवत्तणीओ संघस्स चउव्विहस्स वा वि परिमाणं जिण-मणपज्जव-ओहिनाण-सम्मत्त-सुयनाणिणो य वाई अणुत्तरगई य जत्तिया य सिद्धा पाओवगया य जे जहिं जत्तियाइं भत्ताइ छेयइत्ता अंतगडा मुणिवरुत्तमा तमरओघविप्पमुक्का सिद्धिपहमणुत्तरं च संपत्ता, एए अन्ने य एवमाइया भावा **मूलपढमाणुओगे** कहिया आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति, से त्तं मूलपढमाणुओगे।

से किं तं **गंडियाणुओगे**? २ अणेगविहे पण्णत्ते, तं जहा—कुलगरगंडियाओ तित्थगरगंडियाओ चक्कहरगंडियाओ दसारगंडियाओ वासुदेवगंडियाओ हरिवंसगंडियाओ भद्दबाहुगंडियाओ तवोकम्मगंडियाओ चित्तंतरगंडियाओ उस्सप्पिणीगंडियाओ ओसप्पिणीगंडियाओ अमर-नर-तिरिय-निरयगइगमणविविहपरियट्टणाणुओगे, एवमाइयाओ गंडियाओ आघविज्जंति पण्णविज्जंति परूविज्जंति, से त्तं गंडियाणुओगे।

समावायांगसूत्र, सूत्र–१४७.

અનુયોગ શું છે? અનુયોગ બે પ્રકારે છે: **મૂલપ્રથમાનુયોગ** અને **ગંડિકાનુયોગ. મૂલપ્રથમાનુયોગ** શું છે? મૂલપ્રથમાનુયોગમાં અરહંત ભગવંતોના પૂર્વભવો, દેવલોકમાં અવતાર, દેવલોકથી ગુજરવું, જન્મ, મેરુ ઉપર જન્માભિષેક, રાજ્યપ્રાપ્તિ, દીક્ષાની પાલખી, દીક્ષા, તપસ્યા, કેવલજ્ઞાનપ્રાપ્તિ, ધર્મપ્રવર્તન, સંઘયણ, સંઠાણ, ઊંચાઈ, આયુષ્ય, શરીરનો વર્ણવિભાગ, શિષ્યો, સમુદાયો, ગણધરો, સાધ્વીસંખ્યા, પ્રવર્તિનીઓ–સમુદાયની આગેવાન સાધ્વીઓ–ચતુર્વિધ સંઘની જનસંખ્યા, કેવળજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની, અવધિજ્ઞાની, ચતુર્દશપૂર્વધરો, વાદીઓ, અનુત્તરવિમાનગામીઓની અને સિદ્ધોની સંખ્યા, જેટલા ઉપવાસ કરી સિદ્ધિમાં ગયા ઇત્યાદિ ભાવોનું વર્ણન **પ્રથમાનુયોગ**માં કરાયું છે.

ગંડિકાનુયોગ એટલે શું? ગંડિકાનુયોગ અનેક પ્રકારે છે—કુલકરગંડિકાઓ, તીર્થંકરગંડિકાઓ, ચક્રવર્તીગંડિકાઓ, દશારગંડિકાઓ, વાસુદેવગંડિકાઓ, હરિવંશગંડિકાઓ, ભદ્રબાહુગંડિકાઓ, તપઃકર્મ-ગંડિકાઓ, ચિત્રાંતરગંડિકાઓ, ઉત્સર્પિણીગંડિકાઓ, અવસર્પિણીગંડિકાઓ, દેવ-મનુષ્ય-તિર્યંચ-નરકગતિ પરિભ્રમણ આદિને લગતી ગંડિકાઓ ઇત્યાદિ હકીકતો ગંડિકાનુયોગમાં કહેવાઈ છે.

૯

નંદિસૂત્રમાં સૂત્ર ૫૬માં સમવાયાંગ સૂત્રને મળતો જ પાઠ છે.

* * * *

ઉપર એકીસાથે જે અનેક ઉતારાઓ આપવામાં આવ્યા છે તે '**પ્રથમાનુયોગ** શું છે?' તે વિષે વિશિષ્ટ પ્રકાશ પાથરનારા ઉલ્લેખો છે. આજે કોઈક કોઈક વિરલ વ્યક્તિઓને બાદ કરતાં ભાગ્યે જ કોઈને ખબર હશે કે "**પ્રથમાનુયોગ** એ ધર્મકથાનુયોગને લગતો વિસ્તૃત અને વિશિષ્ટ ગ્રંથ હતો." એ ગ્રંથ આ યુગમાં જ અપ્રાપ્ય થઈ ગયો છે એમ નથી, પરંતુ સૈકાઓ પૂર્વે તે નષ્ટ થઈ ગયો છે–ખોવાઈ ગયો છે. આજે માત્ર એ ગ્રંથ વિશેની સ્થૂલ માહિતી પૂરી પાડતા કેટલાક વીખરાયેલા ઉલ્લેખો જ આપણા સામે વર્તમાન છે. આમ છતાં આ વિરલ ઉલ્લેખો દ્વારા આપણને કેટલીક એ ગ્રંથ અંગેની અને તે સાથે કેટલીક બીજી પણ મહત્ત્વની હકીકતો જાણવા મળી શકે છે. આપણે અનુક્રમે તે જોઈએ:

૧. ઉપર આપેલાં પ્રાચીન અવતરણો પૈકી ત્રીજા અને ચોથા ઉલ્લેખથી એ વાત સ્પષ્ટ થાય છે કે પ્રાચીન કાળમાં એટલે સૂત્રકાળમાં **પ્રથમાનુયોગ** નામનો ગ્રંથ હતો જ, જેને નંદિસૂત્રકાર અને સમવાયાંગસૂત્રકારે **મૂલપ્રથમાનુયોગ** નામથી ઓળખાવેલ છે. પરંતુ કાળબળે તે લુપ્ત થઈ જવાને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લીધે તેમાંની જે અને જેટલી હકીકતો મળી આવે તે આધારે તેનો પુનરુદ્ધાર **સ્થવિર આર્ય કાલકે** કર્યો હતો. **વસુદેવહિંડી**, **આવશ્યકચૂર્ણિ**, **આવશ્યક સૂત્ર** અને **અનુયોગદ્વારસૂત્રની હારિભદ્રી વૃત્તિ** આદિમાં **પ્રથમાનુયોગ**ના નામનો જે ઉલ્લેખ છે તે આ પુનરુદ્ધરિત પ્રથમાનુયોગને લક્ષીને છે; જ્યારે આવશ્યક સૂત્રની નિર્યુક્તિમાં (અવતરણ ૧) આવતો પ્રથમાનુયોગ નામનો ઉલ્લેખ, સંભવ છે કે, **મૂલપ્રથમાનુયોગ**ને લક્ષીને પણ હોય!

૨. આઠ અને નવ ઉલ્લેખને આધારે આપણને જાણવા મળે છે કે **પ્રથમાનુયોગ**માં માત્ર તીર્થંકરોનાં જ જીવનચરિત્ર હતાં, પરંતુ ત્રીજા ઉલ્લેખને આધારે પ્રથમાનુયોગમાં તીર્થંકરોનાં ચરિત્ર ઉપરાંત ચક્રવર્તી અને દશારોનાં પણ ચરિત્રો હતાં. મને લાગે છે કે સૂત્રકાળમાં પ્રથમાનુયોગનું ગમે તે સ્વરૂપ હો, પરંતુ સ્થવિર આર્ય કાલકે પુનરુદ્ધાર કર્યો ત્યારે તેનું સ્વરૂપ આચાર્ય શ્રી **ભદ્રે**શ્વરકૃત **કહાવલી**, શ્રી **શીલાં**કાચાર્યકૃત **ચઉપ્પણ્ણમહાપુરિસચરિય** અને આચાર્ય શ્રી હેમચંદ્રકૃત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિતને મળતું હોવું જોઈએ.

૩. પાંચમો ઉલ્લેખ જોતાં સમજી શકાય છે કે, પ્રથમાનુયોગ ગ્રંથની રચના ગદ્યપદ્યરૂપે હતી. પરંતુ પ્રસ્તુત ગ્રંથ આજે આપણા સામે નથી, એટલે તેની ભાષાશૈલી, વર્ણનપદ્ધતિ, છંદો વગેરે વિષય, આ ગ્રંથમાં શી શી વિશેષતા અને વિવિધતાઓ હશે, એ આપણે ખરા સ્વરૂપમાં સમજી શકીએ તેમ નથી. તે છતાં અનુયોગદ્વારસૂત્ર ઉપરની હારિભદ્રી વૃત્તિ(ઉલ્લેખ ૭)માં પાંચ મહામેઘોનું વર્ણન જોવા માટે પ્રથમાનુયોગ જોવાની ભલામણ કરી છે. એ ઉપરથી પ્રથમાનુયોગમાં પ્રસંગે પ્રસંગે ઘણી ઘણી હકીકતોનો સમાવેશ હોવાનો સંભવ છે.

૪. સમવાયાંગ સૂત્ર અને નંદિસૂત્ર(ઉલ્લેખ ૮–૯)માં પ્રથમાનુયોગને બદલે મૂલપ્રથમાનુયોગ નામ મળે છે, તેનું કારણ મને એ લાગે છે કે; જ્યાં સુધી સ્થવિર આર્ય કાલકે પ્રથમાનુયોગનો પુનરુદ્ધાર નહોતો કર્યો ત્યાં સુધી સૂત્રકાલીન પ્રથમાનુયોગને પ્રથમાનુયોગ નામથી જ ઓળખવામાં આવતો હશે, પરંતુ સ્થવિર આર્ય કાલકે એ ગ્રંથનો ઉદ્ધાર કર્યા બાદ સૂત્રકાલીન પ્રથમાનુયોગને મૂલપ્રથમાનુયોગ નામ આપ્યું હોવું જોઈએ. જોકે સમવાયાંગસૂત્ર-નંદિસૂત્રના ચૂર્ણિ-વૃત્તિકારોએ વ્યુત્પત્ત્યર્થસિદ્ધ કેટલાક વૈકલ્પિક લાક્ષણિક અર્થો આપ્યા છે, પણ મારી સમજ પ્રમાણે એ વાસ્તવિક અર્થને સ્પર્શ નથી કરતા. જો પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં જ ચરિત્રો હોત તો ચૂર્ણિ-વૃત્તિકારોના અર્થો લાક્ષણિક ન રહેતાં વાસ્તવિક બની જાત. પરંતુ, આપણે સંભાવના કરી શકીએ છીએ ત્યાં સુધી, પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં જ ચરિત્રો હોય અને તેમની સાથે અનિવાર્ય રીતે સંબંધ ધરાવતા ચક્રવર્તી–વાસુદેવાદિનાં ચરિત્રો હોય જ નહિ, એ કદીયે બનવા યોગ્ય નથી. એટલે પ્રથમાનુયોગમાં માત્ર તીર્થંકરોનાં ચરિત્રો હોવાની વાત નંદિસૂત્ર-સમવાયાંગસૂત્રમાં મળતી હોય કે માત્ર તીર્થંકર-ચક્રવર્તી-દશારોનાં ચરિત્રો હોવાની વાત પંચકલ્પભાષ્યાદિમાં મળતી હોય તોપણ આપણે એ સમજી જ લેવું જોઈએ કે પ્રથમાનુયોગમાં, ઉપર કહેવામાં આવ્યું તેમ, ત્રેસઠ શલાકાપુરુષ અને તે સાથે સંબંધ ધરાવતી અનેક વ્યક્તિઓનાં ચરિત્રોનો સમાવેશ થવો જોઈએ. એટલે ચૂર્ણિ-વૃત્તિકારોની વ્યાખ્યાને આપણે અહીં લાક્ષણિક જ સમજવી જોઈએ.

દિગંબર આચાર્ય શ્રી **શુભચંદ્ર** પ્રણીત **અંગપણ્ણત્તી**માં **પ્રથમાનુયોગ**માં શું છે તે વિષે આ હકીકત જણાવી છે—

पढमं मिच्छादिट्ठिं अव्वदिकं आसिदूण पडिवज्जं ।
अणुयोगो अहियारो वुत्तो **पढमाणुयोगो** सो ॥ ३५ ॥

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

चउवीसं तित्थयरा पइणो बारह छखंडभरहस्स ।
णव बलदेवा किण्हा णव पडिसत्तू पुराणाइं ॥ ३६ ॥
तेसिं वण्णंति पिया माई णयराणि तिण्ह पुव्वभवे ।
पंचसहस्सपयाणि य जत्थ हु सो होदि अहियारो ॥ ३७ ॥
દ્વિતીય અધિકાર.

દિગંબર આચાર્ય શ્રી **બ્રહ્મહેમચંદ્ર** વિરચિત **શ્રુતસ્કંધ**માં આ પ્રમાણે નિર્દેશ છે:

तित्थयर चक्कवट्टी बलदेवा वासुदेव पडिसत्तू ।
पंचसहस्सपयाणं एस कहा **पढमअणिओगो** ॥ ३१ ॥

પ્રથમાનુયોગના પ્રણેતા

પ્રથમાનુયોગના સ્વરૂપ વિશે ટૂંકમાં જણાવ્યા પછી તેના પ્રણેતા સ્થવિર **આર્ય કાલક** વિષે ટૂંકમાં જણાવવામાં આવે છે:

૧. પંચકલ્પમહાભાષ્ય અને તેની ચૂર્ણિ (ઉલ્લેખ ૩–૪)માં જણાવ્યા પ્રમાણે સ્થવિર આર્ય કાલકે **પ્રથમાનુયોગ** ગ્રંથનો પુનરુદ્ધાર કર્યો હતો. તે જ રીતે તેમણે **ગંડિકાનુયોગ** નામના ગ્રંથનો પણ ઉદ્ધાર કર્યો હતો. **લોકાનુયોગ** અને જૈન આગમો ઉપરની **સંગ્રહણીઓ**ની રચના પણ તેમણે કરી હતી. **ગંડિકાનુયોગમાં** શું છે તે માટે આઠમો ઉલ્લેખ જોવા ભલામણ છે. **ગણિતાનુયોગ**માં અષ્ટાંગનિમિત્તવિદ્યા ગૂંથવામાં આવી છે. અને **સંગ્રહણીઓ,** એ જૈન આગમોની ગાથાબદ્ધ સંક્ષિપ્ત વિષયાનુક્રમણિકા છે. આજે આપણે સ્પષ્ટ રીતે જાણી શકતા નથી કે 'અહીં જણાવેલી **સંગ્રહણીઓ** કઈ?' તે છતાં સંભવતઃ ભગવતીસૂત્ર, પન્નવણાસૂત્ર, જીવાભિગમસૂત્ર, આવશ્યકસૂત્ર આદિમાં આવતી સંગ્રહણીગાથાઓ જ આ **સંગ્રહણી**ઓ હોવી જોઈએ.

૨. સ્થવિર **આર્ય કાલકે** અષ્ટાંગનિમિત્તવિદ્યાનું અધ્યયન **આજીવકશ્રમણો** પાસે કર્યું હતું. એટલે કે **નિમિત્તવિદ્યાના વિષયમાં સ્થવિર આર્ય કાલક માટે આજીવકોનું ગુરુત્વ અને વારસો હતાં.** શ્રમણ વીર વર્ધમાન ભગવાને અષ્ટાંગનિમિત્તવિદ્યાને સામાન્ય રીતે ભણવાનો નિષેધ કરેલ હોઈ જૈન શ્રમણોમાંથી એ વિદ્યા ભૂંસાઈ ગઈ હતી, પરંતુ સમયબળને કારણે એ જ વિદ્યા પુનઃ શીખવાની આવશ્યકતા જણાતાં આર્ય કાલકને આજીવક નિર્ગ્રંથોનું સાન્નિધ્ય સાધવું પડ્યું છે. પંચકલ્પ ભાષ્યમાં "રાજા **શાલિવાહને આર્ય કાલક**ને ઉપહત કરેલ કટક અને કુંડલોને આજીવક શ્રમણો પોતાની ગુરુદક્ષિણા તરીકે લઈ ગયા." આ ઉલ્લેખથી "તે જમાનામાં આજીવકનિર્ગ્રંથોમાં પરિગ્રહધારી નિર્ગ્રંથો પણ હતા" એ જાણવા મળે છે.

૩. પ્રથમાનુયોગાદિના પ્રણેતા સ્થવિર આર્ય કાલક રાજા શાલિવાહનના સમકાલીન હતા. રાજા શાલિવાહને આર્ય કાલકને પૂછ્યું હતું કે "મથુરાનું પતન થશે કે નહિ?" તેનો ઉત્તર આર્ય કાલકે શો આપ્યો હતો એ **પંચકલ્પમહાભાષ્ય**માં જણાવ્યું નથી, તે છતાં રાજાએ પ્રસન્ન થઈ કુંડલ આપ્યાનો ઉલ્લેખ છે તે ઉપરથી રાજાને **વિજય** જણાવ્યો હશે. જે વિજયનો ઉલ્લેખ વ્યવહારભાષ્ય-ચૂર્ણિ-ટીકામાં અને બૃહત્કલ્પભાષ્ય[1]-ચૂર્ણિ-ટીકામાં આવે છે. એટલે પંચકલ્પભાષ્યમાં જે પ્રશ્નોનો નિર્દેશ છે એ

---

१. महुराणत्ती दंडे णिग्गय सहसा अपुच्छियं कयरं ।
तस्स य तिक्खा आणा दुहा गया दो वि पाडेउं ॥१५२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંભવિત જ છે. અને આ જ કારણસર રાજા શાલિવાહનનો કાલકાર્ય સાથેનો સંબંધ ધર્મભાવનામાં પરિણમ્યો હશે એમ લાગે છે. અને આ જ ધર્મસંબંધને કારણે કાલકાર્યે રાજા શાલિવાહનની ખાતર ભાદ્રપદ શુક્લ પંચમીને બદલે ભાદ્રપદ શુક્લ ચતુર્થીને દિવસે સંવત્સરી પર્વની આરાધના કરી હતી. આ ઉપરથી આપણે એટલું નિશ્ચિત કરી શકીએ છીએ કે અષ્ટાંગનિમિત્તવિદ્યાપારંગત, પ્રથમાનુયોગ–ગંડિકાનુયોગ–લોકાનુયોગ–અને જૈન આગમોની સંગ્રહણીઓના પ્રણેતા, તેમ જ પંચમીને બદલે ચતુર્થીને દિવસે સંવત્સરી કરનાર સ્થવિર આર્ય કાલક એક જ છે અને તે રાજા શાલિવાહનના સમકાલીન હતા. આ યુગમાં રાજા શાલિવાહન સાથે સંબંધ ધરાવનાર બીજા કોઈ કાલકાર્ય હોવાનો ઉલ્લેખ મળતો નથી. પ્રજ્ઞાપનાસૂત્રના પ્રણેતા શ્યામાર્ય–કાલકાર્ય આ કાલકાર્ય કરતાં જુદા જ છે.

પ્રથમાનુયોગનું ગુપ્ત સ્થાનમાં અસ્તિત્વ

પ્રથમાનુયોગ ગ્રંથ ઘણા ચિરકાળથી નષ્ટ થઈ જવા છતાં પણ એ ગ્રંથ ગુપ્ત સ્થાનમાં હોવાનો અને ત્યાંથી દેવતાએ કોઈ કોઈ આચાર્યને વાંચવા માટે આપ્યાની કેટલીક કિંવદંતીઓ આપણે ત્યાં ચાલતી હતી અને તેવા બે ઉલ્લેખો મારા જોવામાં આવ્યા છે, જે પૈકીનો એક ઉલ્લેખ જયસાગરકૃત **ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિની** પ્રારંભિક પ્રસ્તાવનામાં છે અને બીજો ઉલ્લેખ હર્ષભૂષણકૃત **શ્રાદ્ધવિધિવિનિશ્ચય**માં છે. પહેલા ઉલ્લેખમાં પ્રથમાનુયોગગ્રંથની હાથપોથી શાસનદેવતાએ ખરતર આચાર્ય શ્રી **જિનદત્તસૂરિ**ને આપ્યાનો અને વાંચ્યાનો ઉલ્લેખ છે. અને બીજામાં ગુર્જરેશ્વર મહારાજા શ્રી કુમારપાલદેવપ્રતિબોધક આચાર્ય શ્રી **હેમચંદ્ર**ને આપ્યાનો, એક રાત્રિમાં વાંચી લીધાનો અને તદનુસારે **ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર** રચ્યાનો ઉલ્લેખ છે, જે વિશેનો જરા સરખોય નિર્દેશ આચાર્ય શ્રી હેમચંદ્રે પોતાના શલાકાપુરુષચરિત્રમહાકાવ્યમાં કર્યો નથી. આ **દેવતાઈ** વાતોને આપણે કેટલે અંશે માનવી એ એક ગંભીર કોયડો જ છે. આવી રચનાઓની નકલ કરવા દેવામાં કે કરી લેવામાં ન આવે, એ એક નવાઈની જ વાત છે ને? અસ્તુ, એ બન્નેય ઉલ્લેખો આ નીચે નોંધવામાં આવે છે :

૧. " ज्ञानदर्शनचारित्रागण्यपुण्यातिशयसत्त्वरञ्जितश्री**शासनदेवतावितीर्णोज्जयिनीस्थितमहाकालप्रासाद**मध्यवर्त्तिशैलमयभारपट्टबीटकान्तःसंगोपितपुरा**सिद्धसेनदिवाकर**वाचितदशपूर्वधरश्री**कालिकसूरि**विरचितानेकाद्भुतश्री**प्रथमानुयोग**सिद्धान्तपुस्तकरत्नार्थसम्यक्परिज्ञानजगद्विदितप्रभावाः निजप्रतिभावैभवविस्मापितदेवसूरयः श्री**जिनदत्तसूरयः** " गुरुपारतन्त्र्यस्तववृत्तिः

२. श्री**हेमाचार्याः प्रथमानुयोगं देवताप्रसादा**ल्लब्ध्वैकरात्राववधार्य च तदनुसारेण **त्रिषष्टिचरित्राणि** जग्रन्थुरिति ।" श्राद्धविधिविनिश्चय.

ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિના ઉલ્લેખમાં सिद्धसेनदिवाकरवाचित એમ ઉલ્લેખ કર્યો છે તે માત્ર કલ્પિત અને અપ્રામાણિક છે, કારણ કે આવશ્યકચૂર્ણિકાર **જિનદાસગણિ** અને આવશ્યક તથા

गोयावरीए नईए तडे **पइट्ठाणं** नयरं। तत्थ **सालवाहणो** राया। तस्स **खरगओ** अमच्चो। अन्नया सो **सालवाहणो** राया दंडनायगं आणवेइ—**महुरं** घेत्तूण सिग्घमागच्छ। सो य सहसा अपुच्छिऊण दंडेहिं सह णिग्गतो। ततो चिंता जाया—का **महुरा** घेत्तव्वा? **दक्खिणमहुरा उत्तरमहुरा** वा?। तस्स आणा तिक्खा, पुणो पुच्छिउं न तीरति। ततो दंडा दुहा काऊण दोसु वि पेसिया, गहियातो दो वि **महुरातो**। ततो वद्धावगो पेसिओ। तेणागंतूण राया वद्धावितो—देव! दो वि महुरातो गहियातो ॥

व्यवहारभाष्य-टीका, भाग ४, पत्र ३६

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુયોગદ્વાર-વૃત્તિકાર યાકિનીમહત્તરાસૂનુ આચાર્ય શ્રી **હરિભદ્રે** ચૂર્ણિ અને વૃત્તિમાં અનેક ઠેકાણે અને અનેક વિષયમાં **પ્રથમાનુયોગની** સાક્ષી આપી છે, જેમાંના થોડા ઉપયોગી ઉલ્લેખો મેં આ લેખના પ્રારંભમાં આપ્યા છે; એટલે પ્રથમાનુયોગની પ્રતિ મેળવવા માટે કે વાંચવા માટે આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરને દેવતાની જરૂરત જરાય ન હતી, ભલે શ્રી જિનદત્તસૂરિ મહારાજને હો. શ્રી હર્ષભૂષણે કરેલો ઉલ્લેખ પણ કલ્પિત જ છે. સંભવ છે, ગુરુપારતંત્ર્યસ્તવવૃત્તિકારની સ્પર્ધામાં હર્ષભૂષણે પણ એક તુક્કો ઊભો કર્યો હોય. તુક્કો પણ જેવોતેવો નહિ, એક રાત્રિમાં જ આચાર્યશ્રી હેમચંદ્રે પ્રથમાનુયોગ વાંચી લીધો. મને તો લાગે છે કે બન્નેય મહાનુભાવોએ તુક્કા જ ઉડાવ્યા છે.

આવા દેવતાઈ તુક્કાઓ આપણે ત્યાં ઘણા ચાલ્યા છે. પ્રભાવકચરિત્રકાર આચાર્યે પણ એક આવી જ કથા રજૂ છે—

"એવામાં **બુદ્ધાનંદ** મરણ પામી વ્યંતર થયો અને પૂર્વના વૈરભાવથી તેણે મલ્લવાદિકૃત **નયચક્ર** અને **પદ્મચરિત્ર** એ બન્નેય ગ્રંથો પોતાને તાબે કર્યા અને તે કોઈને વાંચવા દેતો ન હતો."

પ્રભાવકચરિત્ર ભાષાંતર, પૃષ્ઠ ૧૨૩.

ખરેખર આવી કથાઓ અર્થ વિનાની જ છે. **મલ્લવાદી** પ્રાચીન **નયચક્ર** ગ્રંથને વાંચે છે ત્યારે તેમના હાથમાંથી દેવતા તે ગ્રંથને પડાવી લઈ જાય છે, અને એની જ ભલામણથી નિર્માણ થયેલા **નયચક્ર** ગ્રંથની રક્ષા કરવાની એ દેવતાને પરવા નથી, ત્યારે તો આવી કથાઓ ઉપહાસજનક જ લાગે ને ?

અંતમાં, પ્રાસંગિક ન હોવા છતાંય મેં આ લેખમાં પંચકલ્પમહાભાષ્ય અને તેની ચૂર્ણિના ઉલ્લેખોની નોંધ કરી છે એટલે મારે કહેવાની વસ્તુ અનુપ્રસક્ત તો છે જ, અને તે એ કે પંચકલ્પ-મહાભાષ્ય નામ સાંભળી ઘણા વિદ્વાનો એમ ધારી લે છે કે पंचकल्प નામનું સૂત્ર હોવું જોઈએ. પરંતુ ખરું જોતાં તેમ છે જ નહિ. પંચકલ્પભાષ્ય એ કલ્પભાષ્યમાંથી છૂટો પાડેલો એક ભાષ્યવિભાગ હોઈ તેનું મૂળ સૂત્ર જો કહી શકાય તો તે કલ્પસૂત્ર (બૃહત્કલ્પસૂત્ર) જ કહી શકાય; જેમ આવશ્યક નિર્યુક્તિમાંથી ઓઘનિર્યુક્તિને જુદી પાડવામાં આવી છે, દશવૈકાલિકનિર્યુક્તિમાંથી પિંડનિર્યુક્તિને જુદી કરી છે તે જ રીતે કલ્પભાષ્યમાંથી પંચકલ્પભાષ્યને પણ અલગ કરવામાં આવ્યું છે. બૃહત્કલ્પ-સૂત્રની કેટલીક જૂની સૂત્રપ્રતિઓના અંતમાં पंचकल्पसूत्रं समाप्तम् આવો ઉલ્લેખ જોઈ કેટલાક ભ્રમમાં પડી જાય છે, પરંતુ ખરી રીતે ભ્રમમાં પડવું જોઈએ નહિ. એવા નામોલ્લેખવાળી પ્રતિઓ બધી બૃહત્કલ્પસૂત્રની જ પ્રતિઓ છે.

['આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ,' ઈ. સ. ૧૯૫૬]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org